ડીસાના વિકલાંગ યુવકનો ટ્રેન નીચે કુદી પડી આપઘાત



ડીસા, તા. ૨૧

ડીસાના ભોંયણ નજીકના રેલવે ફાટક પાસે પણ આજે એક વિકલાંગ યુવક ટ્રેન નીચે કપાઈ મરતા અરેરાટી મચી ગઈ છે.

ડીસાના ભોંયણ ફાટક પાસે આજે બપોરે રેલવે ટ્રેન નીચે યુવક કપાતા તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.ઘટના સ્થળેથી મળેલા એકટીવાની ડેકીમાંથી મૃતક યુવકના ડોક્યુમેન્ટ મળી આવ્યા હતા.જેના આધારે આ યુવકની ઓળખ થઈ ગઈ હતી.ડીસા પંથકમાં દિન પ્રતિદિન અકસ્માતોના બનાવ વધતા જાય છે ત્યારે ડીસાના ભોંયણ ગામ નજીકના રેલવે ફાટક પાસે આજે બપોરે ટ્રેનની અડફેટે આવતા ૩૫ વર્ષીય કનુભાઈ લક્ષ્મણભાઈ મેવાડા નામના ૩૫ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું.ભડથના વતની અને હાલ ડીસાની રામકૃપા સોસાયટીમાં રહેતા કનુભાઈ મેવાડાના કરુણ મોતથી અરેરાટી મચી ગઈ હતી.ઘટના સ્થળેથી એક એકટીવા મળી આવ્યું હતું.અને એક્ટિવાની ડેકીમાંથી તેમના આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા હતા.બનાવના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.જ્યારે આ મામલે રેલવે પોલીસે ડીસા રૂરલ પોલીસ મથકે જાણ કરતા પોલીસની ટીમે તુરંત ઘટના સ્થળે દોડી જઈ તપાસની તજવીજ હાથ ધરી હતી.કનુભાઈના અપમૃત્યુથી બે પુત્રી અને એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવાર આઘાતમાં ગરકાવ થઈ ગયો છે.પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડી મૃતકના અપમૃત્યુનું કારણ જાણવા ઊંડી તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં ચૂંટણીતંત્ર સજ્જ

અરવલ્લી, તા. ૨૧

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીનું જાહેરનામું સોમવારથી અમલી બનતા જ અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રિતેશ દવે અને કલેકટર શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ફ્લાઈંગ સ્કોડ અને સ્ટેટિક સર્વલન્સ ટીમ સહીત અન્ય વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી દેવામાં આવી છે.

અરવલ્લી જિલ્લાની ૩ વિધાનસભા મોડાસા-ધનસુરા, બાયડ-માલપુર અને ભિલોડા-મેઘરજ બેઠકોની ચૂંટણી સુધી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાઉન્ડ ઘી ક્લોક ચાંપતી નજર હેઠળ ચૂંટણી યોજવા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રિતેશ દવેના સીધા માર્ગદર્શન હેઠળ ફ્લાઈંગ સ્કોડની ૧૪ ટીમ, સ્ટેટેટિક સર્વલન્સ ની ૧૨ ટીમ, વિડીઓ સર્વેલન્સની ૧૧ ટીમ, વિડીઓ વીવિંગની ૫ ટીમ અને એકાઉન્ટિંગ માટે ૩ ટીમ કાર્યરત કરી દેવામાં આવી છે. અરવલ્લી જિલ્લો અંતરાજ્ય સીમાથી જોડાયેલો હોય વિધાનસભાની ચૂંટણી નિષ્પક્ષ, ન્યાયી અને મુક્ત વાતાવરણમાં યોજાય તે હેતુસર અને ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર નાણાંની હેરફેર ના થાય તે માટે કાર્યરત કરી દેવામાં આવી છે.

મંગળવારે અરવલ્લી જિલ્લા કલેકટર દ્વારા પ્રેસ કોન્ફોરન્સ યોજી

પત્રકારો સાથે ચૂંટણી લક્ષી માહિતી પુરી પાડી ચૂંટણીલક્ષી માહિતી ઊંડાણપૂર્વક પુરી પાડી પત્રકારો સાથે વાર્તાલાપ કર્યો હતો. ચૂંટણી અધિકારીએ જિલ્લામાં ૨૮૦૦ નવા મતદારો ઉમેરાયા હોવાની સાથે મહિલા ઉમેદવારો વધુ ઉમેરાયા હોવાની સાથે કુલ મતદારોની સંખ્યા ૭૪૬૯૧૦ હોવાનું જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટરે ચૂંટણીમાં ચૂંટણીને મદદરૂપી રિર્પોટિંગ કરવા આહવાન કર્યું હતું.

માલપુર તાલુકાના વાત્રકડેમમાં

મત્સઉદ્યોગ ખાનગી વ્યક્તિને આપી દેવાતા કોન્ટ્રાક રદ કરવા માંગ

માલપુર, તા. ૨૧

જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને મંગળવારે વાલ્મિકી સમાજ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર માલપુર તાલુકાના વાત્રકડેમની આસપાસ રહેલા ડુંગરો પર અને આજુબાજુ ઓબીસી સમાજના અને અનુસૂચિત જાતિના ૧૦૦૦ જેટલા પરિવારો વસવાટ કરે છે અને આ લોકો પાસે ખેતી લાયક જમીન અને અન્ય કોઈ ધંધો રોજગારની સુવિધાના અભાવે વાત્રક ડેમમાંથી ગુજરાન ચલાવવા વાત્રકડેમમાંથી માછીમારી કરી માછી વેચી જીવનનિર્વાહ ચલાવે છે. ત્યારે સરકારના જવાબદાર તંત્ર દ્વારા વાત્રકડેમમાં મત્સઉદ્યોગનું ખાનગીકરણ કરી ખાનગી કંપનીને સોંપી દેવાતા અહીં વસવાટ કરતા પરિવારોની હાલત કફોડી બની છે અને વાત્રકડેમમાં માછીમારી કરવા

જતા લોકોને ખાનગી કોન્ટ્રાક્ટ ધરાવતા કંપનીના માણસો દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી રહી છે. જેથી જીવનનિર્વાહ ચલાવવા માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ખાનગી કંપનીને અપાયેલ મત્સઉદ્યોગ રદ કરવાની માંગ કરી વાત્રકડેમની આજુબાજુમાં વસવાટ કરતા પરિવારોને માછીમારી કરવા દેવા ઉગ્ર રજુઆત કરી જો ખાનગી કંપનીનો કોન્ટ્રાકટ રદ નહિ કરાયતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

મહેસાણા જિલ્લામાં તહેવારોમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લામાં આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ની કામગીરી શરૂ થયેલ છે. મહેસાણા જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માની કલમ(૩૭)(૧) મુજબ સાવચેતીના ભાગરૂપે સુરક્ષાના આદેશ કરેલ છે. પરીક્ષાઓ અને વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને જિલ્લાના તમામ વિસ્તારોમાં ૧ ડિસેમ્બર ૨૦૧૭ સુધી શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે. જિલ્લામાં શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જલદી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું, પત્થર અથવા પત્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદશિત કરવાનું, ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું, અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભિત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું, માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું સુરૂચિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનુ, અસભ્ય વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

સુરક્ષા બલના જવાનો દ્વારા સાઈકલ રેલીનું આયોજન

મોડાસા, તા. ૨૧

મોડાસા ખાતે તા. ૧૫-૧૧-૨૦૧૭થી તા. ૨૬ નવેમ્બર-૨૦૧૭ દ્વારા સીમા સુરક્ષા બલના જવાનોના સહયોગથી આદિત્ય મહેતા ફાઉન્ડેશન દ્વારા શહીદોની યાદીમાં સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલી તા. ૧૫-૧૧-૨૦૧૭ ના રોજ ઈન્ડીયાગેટ દિલ્હી ખાતેથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ રેલીનું સમાપન તા. ૨૬ નવેમ્બર-૨૦૧૭ ગેટ વેઓફ ઈન્ડીયા મુંબઈથી સમાપન થશે. સીમા સુરક્ષા બલના જવાનો સંસ્થાના એડવેન્ચર એન્ડ એડવાન્સ ટ્રેનીંગ દહેરાદુન અને એએમએફના અઢાર જવાનો દ્વારા સાઈકલ રેલીમાં જોડાયા હતા. આ રેલી કુલ ૧૫૩૪ કિ.મી.ની યાત્રા કરશે. અને હાલમાં ૧૦૬૪ કિ.મી. અંતર કાપીને આજ રોજ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જિલ્લા કલેક્ટર દ્વારા સાઈકલ સવારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચૂંટણી ખર્ચ અને આચારસંહિતાને લગતી ફરીયાદો માટે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ કાર્યરત.

પાલનપુર, તા. ૨૧

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ની જાહેરાતની તારીખથી ચૂંટણીલક્ષી ખર્ચ અને આચારસંહિતાને લગતી ફરીયાદો માટે જિલ્લા કક્ષાએ ફરીયાદ પર દેખરેખ નિયંત્રણ માટે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ અને કોલ સેન્ટર કાર્યરત છે જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૭૪૨ તેમજ હેલ્પલાઈન નંબર ૦૨૭૪૨-૨૫૧૭૯૨ છે.

ચૂંટણીલક્ષી ફરીયાદો આ નંબર પર કરી શકાશે. તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર ધ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

ખેડબ્રહ્મા ખાતે આચાર્ય તુલસી દ્વારા આચાર્ય મહાપજ્ઞ દ્વારનું લોકાર્પણ

ખેડબ્રહ્મા, તા. ૨૧

શહેર ખેડબ્રહ્માના સિવિલ રોડ પર શાહ પરિવારના સભ્યો દ્વારા બનાવવામાં આવેલ આચાર્ય તુલસી દ્વાર અને આચાર્ય મહાપજ્ઞ દ્વારનું લોકાર્પણ મહાસભાના સંરક્ષક સદસ્ય શ્રીપદમચંદપટવારીના વરદહસ્તે રાખેલ છે. તેમજ શ્રીહરીહર એસ. પાઠક દ્વારા ગુજરાતી ભાષામાં લખાયેલ પુસ્તક હૈ પ્રભૌ યહ તેરાપંથ પુસ્તકનું લોકાર્પણ જયતુલસી ફાઉન્ડેશનના અધ્યક્ષ હીરાલાલ માલુના વરદહસ્તે તા. ૨૬-૧૧-૨૦૧૭ના રોજ યોજાશે જે પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો તેમજ વેપારીઓ તેમજ સમાજના અગ્રણી જોડાશે તેના તમામ કાર્યક્રમો ખેડબ્રહ્મા કચ્છ કડવા પાટીદાર સમાજની વાડીમાં વાસણારોડ ૯ કલાકે યોજાશે.

હિંમતનગરના ભાજપના ઉમેદવારે વાજતે ગાજતે ઉમેદવારી નોંધાવી

હિંમતનગર બેઠકના ઉમેદવાર કરોડપતિ : ૧.૩૭ કરોડથી વધુની આવક દર્શાવાઈ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાની ચાર બેઠકો પૈકી હિંમતનગર બેઠકના ભાજપના ઉમેદવારે મંગળવારે વાજતે ગાજતે રેલી કાઢી જિલ્લા સેવાસદનમાં આવેલ પ્રાંત કચેરીમાં જઈને પોતાનું ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારીને સુપ્રત કર્યુ હતુ. જેમાં તેમણે દર્શાવેલી વિગતો મુજબ તેમની આવક અંદાજે રૂ. ૧.૩૭ કરોડથી વધુ તથા ૩૦ તોલાથી વધુ સોનુ અને અનેક ઠેકાણે જમીન તથા વેપાર કરતા હોવાને કારણે ભાગીદારી પેઢીમાં ભાગીદાર હોવાનું સોગંદનામામાં જણાવાયુ છે.

આ અંગે હિંમતનગર બેઠકના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાએ ઉમેદવારી ફોર્મ સાથે રજુ કરેલા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેમની આવક રૂ. ૧,૩૭,૧૭૨૩૮થી વધુ હોવાનું દર્શાવ્યુ છે. જ્યારે તેમના પત્નિ અરૂણાબેન ચાવડાની આવક રૂ. ૭૪,૬૩,૩૯૯ થી વધુ હોવાનુ બતાવ્યુ છે. ૨૦થી વધુ પાનાના કરેલા સોગંદનામામાં જણાવાયા મુજબ રાજેન્દ્રસિંહ ચાવડા અનેક પેઢીઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા છે. તેમની પાસે એક કરતા વધુ આલીશાન વાહનો છે.

વર્ષ ૨૦૧૭ના હિંમતનગર બેઠકના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાની વર્ષ ૨૦૧૪માં આવક રૂ. ૧૮ લાખથી વધુ હતી. તેમના પત્નિની આવક રૂ. ૨.૭૧ લાખ હતી. જ્યારે તત્કાલિન સમયે તેમની પાસે રોકડ રૂ. ૬૫ હજાર અને તેમના પત્નિ પાસે રૂ. ૩૧ હજાર રોકડ હતા. જ્યારે તેમની પાસેની જમીન રૂ. ૩૬ લાખથી વધુની હતી. રાજેન્દ્રસિંહ ચાવડાએ ડિપ્લોમાં સિવિલ કરેલુ છે. જ્યારે વર્ષ ૨૦૧૪માં તેઓએ કરેલા સોગંદનામામાં રૂ. ૩.૮ કરોડ દર્શાવાઈ હતી. ઉપરાંત રાજેન્દ્રસિંહ ચાવડાએ રૂ. ૪૨ લાખથી વધુ આવકવેરો ભર્યો છે. જ્યારે તેમના પત્નિ અરૂણાબેને રૂ. ૧૫.૧૧ લાખથી વધુ રકમ આવક વેરા પેટે સરકારને ચુકવી છે.

બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણીને અનુલક્ષી ૩૯૭૭ હથિયારો જમા લેવાયા

અટકાયતી પગલાં માટે કુલ-૩૯૨૧ કેસો કરી ૬ ઇસમોની પાસા હેઠળ અટકાયત કરવા હુકમ કરાયા

પાલનપુર, તા. ૨૧

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી બનાસકાંઠા જિલ્લામાં અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે. અટકાયતી પગલાંઓ અંતર્ગત હથિયાર પરવાનેદારો પાસેથી પોલીસ ધ્વારા હથિયારો જમા લેવામાં આવી રહ્યા છે. જિલ્લામાં કુલ-૪૫૬૧ હથિયાર પરવાનેદારો પૈકી ૩૯૭૭ હથિયારો તા. ૧૮ નવેમ્બર-૨૦૧૭ સુધી જમા લેવામાં આવ્યા છે અને બાકીના હથિયારો જમા લેવાની કામગીરી ચાલુ છે. અટકાયતી પગલાં માટે જિલ્લામાં કુલ-૫૦૪૪ કેસો કરી ૬ ઈસમોની અટકાયત કરવા હુકમ કરવામાં આવ્યો છે.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી પાલનપુર ધ્વારા જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં સી.આર.પી.સી.ની કલમ-૧૫૧ હેઠળ ૨૯૦ કેસો નોંધાયા હતા તેમાંથી ૨૯૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. સી.આર.પી.સી.ની કલમ-૧૦૭ મુજબ ૧૮૬૧ કેસો નોંધાયા હતા જે પૈકી તમામ કેસોનો નિકાલ કરી ૪૬૧ને જાત જામીન તથા ૧૪૦૦ને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. સી.આર.પી.સી.ની કલમ ૧૦૯ મુજબ ૪૧ કેસો નોંધાયા હતા તે તમામ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. સી.આર.પી.સી.ની કલમ-૧૧૦ મુજબ ૨૫૦૦ કેસો નોંધાયા હતા તે પૈકી તમામ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. પ્રોહી કલમ-૯૩માં કુલ-૨૪૬ કેસો નોંધાયા હતા તેમાંથી ૧૯૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. પાસાના કાયદા હેઠળ કુલ-૯૬ કેસો નોંધાયા હતા તેમાંથી ૭૦ કેસોનો નિકાલ કરાયો છે અને ૬ ઈસમોની અટકાયત કરવા હુકમ કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત અરવલ્લી ખાતે આજરોજ ચૂંટણી ખર્ચ નિરીક્ષકોની ટીમ સાથે પ્રિન્ટ મી.

તેમજ ઈ.મીના પત્રકારો સાથે કલેક્ટર દ્વારા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાના મોડાસા, ભિલોડા અને બાયડ બેઠક ઉપર ઉમેદવારોના ફોર્મ પ્રક્રિયા હાથ ધરાવતા ચૂંટણી વિભાગ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભાની બેઠકો ઉપર ચૂંટણી લડતા ઉમેદવારોના ખર્ચનું ઓબ્ઝર્વર માટે ચૂંટણી પંચ દ્વારા આઈ.આર.એસ. વિભાગના બે અધિકારીઓની અરવલ્લી જિલ્લા ખાતે નિમણૂંક કરતા આજે કલેક્ટર સભાખંડમાં જિલ્લા કલેક્ટર અને આઈ.આર.એસ. અધિકારીઓ શશીકુમાર અને મનીષ જયસ્વાલ અને નાયબ ચૂંટણી અધિકારી દ્વારા તમામ માહિતી આ બેઠકમાં પુરી પાડવામાં આવી હતી. તેમજ વિધાનસભાની ચૂંટણીલક્ષી ખર્ચ અને વધુ માહિતી માટે ઉપરોક્ત ઓબ્ઝર્વર મોબાઈલ દ્વારા સંપર્ક કરીને વિગતો જાણી શકાશે. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાના પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.

હેલ્લો ફ્રેન્ડ્સ!

● ૪ પાનાનું ચાલુ...

સાથે વઘાર કરીને પીરસતાં જ મોંમાં પાણી આવે એવી બનાવે છે. કેટલાંક ઘરોમાં તો પહેલાં ખીચડી બનાવી, એને ઠંડી કરી પછી ડુંગળી, લસણ, મેથીના વઘારથી વઘારવામાં આવે છે. ઘણા ઘરોમાં રાતની વધેલી ખીચડીને સવારે વઘારીને નાસ્તામાં ખપાવવામાં આવે છે.

એક અંગ્રેજની પણ વાત યાદ આવે છે. એકવાર રસ્તો ભૂલો પડેલો ગોરા અધિકારીને સાંજે એક ગામના સરપંચને ત્યાં રાતવાસો કર્યો. પેલાએ જમવામાં ઈંડા અને મચ્છી સાથે ખીચડી પીરસી દીધી. પેલા ગોરાને તો ચટાકો લાગ્યો અને એણે આ સરપંચને માન-સન્માન સાથે રાજમહેલ લઈ અને બાદમાં ઈંગ્લેન્ડ પણ... માજ સવારે ઈંડા કરી અને ખીચડી ખવડાવવા...! મોગલાઈ ખીચડી પણ સાંભળવામાં છે, અકબર અને જહાંગીરના જમાનામાં માંસાહારી શાહી ખીચડી સૈનિકો માટે બનતી હતી.

મગની ફોતરાની દાળની જેમ જ લાલ મસુર દાળની ખીચડી પણ સ્વાદિષ્ટ લાગે છે. ડુંગળી - લસણ - ટામેટાં નાંખીને વઘાર કરેલી ખીચડી સાથે છાશ, પાપડ, ડુંગળી, મરચાં, અથાણું અને ગોલનું કોમ્બીનેશન તો મોટે ભાગે જોવા મળે છે. ઓરિસ્સાના જગન્નાથ મંદિરમાં ખીચડી પ્રસાદ રુપે મળે છે. એમ જ જલારામ બાપાના મંદિરે પણ કઢી ખીચડી પ્રસાદ રુપે આદર પામી છે. રાહત કાર્યો વખતે જે સેવા કેમ્પ ધમધમે છે એમાં મસાલા ખીચડી પ્રથમ પસંદગી હોય છે.

આજકાલ તો લગ્નમાં ડીશ પર કોન્ટ્રાક્ટ આપવાના શરુ થયાં બાકી પહેલાં રસોઈયા રાખીને સીધું-સામાન આપી લગ્નનું જમણ તૈયાર થતું. રાત્રે દસ-બાર મિત્રો ત્યાં મદદમાં હાજર રહેતાં અને રાત્રે મહારાજ ખઆસ મસાલેદાર ખીચડી બનાવતાં જે ખાવા માટે પણ મારાં જેવા રસોઈઘરની જવાબદારી સ્વીકારતા ! આમ તો સાબુદાણા અને મોરૈયાની પણ ખીચડી બને, પણ મગની ખીચડીની તોલે નહીં હોં. કોઈના ઘરમાં મરણ થાય તો પાડોશી પણ ખીચડી જ બનાવીને મોકલી આપે. ટૂંકમાં બધાની વહાલી ખીચડી ભારતનું સુપર ફૂડ બ્રાન્ડ બને એવી ખીચડી રંધાઈ રહી છે !

ચૂંટલો : ખીચડીને ભારતની ઓફિશિયલ ફૂડ ડીશ બનાવવાની આ 'બીરબલની ખીચડી' જલ્દી ચઢો તો સારું, બાકી પ્રયત્ન સફળ થાય કે ન થાય, 'ઘી ઢળ્યું તોય ખીચડીમાં' જ છે. અત્યારે તો આ વાતથી જ બધાં રોમાંચિત છે, પણ કયાંક આ 'વખાણી ખીચડી દાઢે ન વળગે' તો સારું !

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડે આપણે..!!"

"સાહેબ આ કામ ખુબ અઘરૂ છે..! ભલભલા થાક્યા. છેલ્લે છેલ્લે અન્ના હજારે... પણ થાક્યા..!! હવે તો ક્રાંતિની રાહ જોઈએ..!!"

"બસ..! ક્રાંતિ લાવવી જ હોય તો આજથી જ શરૂઆત કરીએ..! કે હું ભ્રષ્ટાચારી નેતા કે પક્ષને સમર્થન નહીં કરૂ, હું મારી વાત સ્પષ્ટ રજુ કરીશ... શરૂઆત મારાથી કરીશ..!! અને એને પ્રસરાવીશ..!!"

"હા... એ જ દિવાથી દીવો પ્રગટાવીએ અને વિચારજ્યોતને પ્રસરાવીએ..! એ જ લોકશાહી પર્વનો પયગામ છે..!!"

- નિમિત્ત માત્ર

ભંડારી ચૂંટાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આભાર માનું છું. તમે જાણો છો કે આ વખતે સ્પર્ધા કટ્ટર હતી. આખરી ક્ષણોમાં બ્રિટને હટી જવાની જાહેરાત કરતાં સંયુકત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદને મોટો ફટકો પડયો છે. કારણ કે પરિષદના તમામ મહત્ત્વપૂર્ણ મામલાઓમાં કાયમી સભ્યોની મહત્ત્વની ભૂમિકા હોય છે.

દલવીર ભંડારીની જીતના પગલે કાયમી સભ્યો આઘાતમાં સરી પડયા હતા, કારણ કે આ એક દાખલો બેસાડવામાં આવ્યો છે કે ભવિષ્યમાં તેમની સત્તાને કોણ પડકારી શકે છે. સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્ય રાષ્ટ્રો અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન અને ચીન બ્રિટનના ઉમેદવાર ગ્રીનવૂડ ક્રિસ્ટોફરની તરફેણમાં દેખાતા હતા, પરંતુ ન્યૂયોર્ક સ્થિત સંયુકત રાષ્ટ્રસંઘના વડામથક ખાતે યોજાયેલ ચૂંટણીમાં ભારતના ઉમેદવાર દલવીર ભંડારીને સામાન્ય સભામાં ૧૯૩માંથી ૧૮૩ વોટ મળ્યા હતા.

જયારે સુરક્ષા પરિષદના તમામ ૧૫ સભ્યોના વોટ મળ્યા હતા. આ અગાઉ નાટકીય ઘટનાક્રમમાં બ્રિટને ચૂંટણી પહેલાં જ પોતાની દાવેદારી પાછી ખેંચી લેતાં ભંડારીના પુનઃ ચૂંટાવા માટે માર્ગ મોકળો થઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જસ્ટિસ ભંડારીની જીત ભારત માટે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે પાકિસ્તાનમાં કેદ કુલભૂષણ જાધવનો મામલો પણ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં પડતર છે અને કુલભૂષણના મામલાની સુનાવણી આઈસીજેમાં ચાલી રહી હતી ત્યારે જસ્ટિસ ભંડારીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સંયુકત રાષ્ટ્રસંઘમાં ભારતના કાયમી પ્રતિનિધિ સૈયદ અકબરુદ્દીને પણ ભંડારીની જીત પર અભિનંદન આપતું ટ્વિટ કર્યું હતું. તેમણે લખ્યું હતું કે એક વોટ જે અમર્યાદ ખુશી લાવ્યો છે. ભારત તરફથી જસ્ટિસ દલબીર ભંડારી બીજી વખત જજ તરીકે ચૂંટાયા.